Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા વિભાગના વડાશ્રીઓને જણાવવાનું કે, એકેડમિક કાઉન્સીલ તા.૦૯/૦૩/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : ૧૯ તથા સિન્ડિકેટ સમિતિના તા.૨૨/૦૩/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : ૧૬ તેમજ એકેડમિક કાઉન્સીલ તા.૨૧/૦૯/૨૦૨૧ના સભાના ઠરાવ ક્રમાંક : ૧૫ તથા તા.૨૫/૦૯/૨૦૨૧ના સભાના ઠરાવ ક્રમાંક : ૨ તેમજ સિન્ડિકેટ સમિતિના તા.૨૯/૦૯/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : ૧૧૭ થી ઠરાવ્યા અનુસાર પુનઃમૂલ્યાંકન (રી–એસેસમેન્ટ) તથા ગુણ ચકાસણી (રી–ચેકીંગ)ની વ્યવસ્થા નીચે મુજબ રહેશે.

૧. વાર્ષિક તેમજ સેમેસ્ટર પધ્ધતિ મુજબ ચાલતા તમામ વિદ્યાશાખાઓના અભ્યાસક્રમોમાં તમામ વર્ષ તેમજ સેમેસ્ટરોમાં પુનઃમૂલ્યાંકન તેમજ ગુણ ચકાસણી કરાવી શકાશે.

૨. ઓન લાઈન તેમજ ઓફ લાઈન પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ પરીણામ જાહેર થયાના ૭ (સાત) દિવસની સમય મર્યાદામાં ફોર્મ ભરવાનું રહેશે. સમય મર્યાદા બાદ કોઈ પણ સંજોગોમાં ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

૩. પરીણામના કુલ પાસીંગ હેડસના ઓછામાં ઓછા ૫૦% હેડસમાં પાસ થનાર વિદ્યાર્થી જ પુનઃમૂલ્યાંકનની અરજી કરી શકશે. બે પેપર કરતા વધારે પેપરની ઉત્તરવહીઓનું પુનઃમૂલ્યાંકન થઈ શકશે નહી. (સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ટર્મીનેટીંગ (અંતિમ) સેમેસ્ટર / વર્ષ સિવાયને લાગુ પડશે)

૪. કુલ પાસીંગ હેડની લીમીટ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ટર્મીનેટીંગ (અંતિમ) સેમેસ્ટર / વર્ષની પરીક્ષા માટે લાગુ પડશે નહી તેમજ જયારે તમામ ફેકલ્ટીના સ્નાતક અથવા અનુસ્નાતક કક્ષાએ ટર્મીનેટીંગ (અંતિમ) સેમેસ્ટર / વર્ષ માટે બધા જ થિયરી વિષયો માટે પુનઃમૂલ્યાંકન કરી શકાશે

૫. જે તે વિદ્યાશાખામાં કોલેજ / ડીપાર્ટમેન્ટ કક્ષાએ લેવાતી આંતરીક મૂલ્યાંકન કસોટીઓ (ઈન્ટરનલ), પ્રેકટીકલ, વાઈવા, પ્રોજેકટ, થીસીસ, ડેઝર્ટેશન કે ટર્મ વર્કનું ગુણ ચકાસણી તેમજ પુનઃ મૂલ્યાંકન થઈ શકશે નહી.

૬. પેપર દીઠ પુનઃમૂલ્યાંકનની ફી રૂા. ૫૦૦/– રહેશે. પુનઃમૂલ્યાંકન કે ગુણ ચકાસણી કરેલ કોઈ પણ વિદ્યાર્થીના ગુણમાં ફેરફાર થાય કે ન થાય ભરેલી રકમ પરત આપવામાં આવશે નહી. જેની અરજદારે નોંધ લેવી.

૭. વિદ્યાર્થીનું પરીણામ **D.L.O., W.O.165, Withheld & Reserve** (કોપીકેસ થયેલ પેપર હોય તે સિવાયના અન્ય પેપરમાં) રાખવામાં આવેલ હોય તેવા વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી તેમજ પુનઃમૂલ્યાંકન કરાવી શકશે.

૮. જે વિદ્યાર્થીઓના ગુણ કે પરીણામમાં ફેરફાર થયેલ હશે તે જ વિદ્યાર્થીઓના સીટ નંબરો ગુણ ચકાસણી તેમજ પુનઃમૂલ્યાંકનના પરીણામના નોટીફીકેશનમાં જાહેર કરવામાં આવશે.

૯. ગુણ ચકાસણી તેમજ પુનઃમૂલ્યાંકનના પરીણામ જાહેર થવામાં વિલંબ થાય તો કોઈ નાણાંકીય કે સમયનું નુકશાન વળતર અંગેની કોઈપણ અરજી ગ્રાહય રાખવામાં આવશે નહી.

ક્રમાંક : પરીક્ષા / પુનઃમૂલ્યાંકન / ૧૮૦૮૭ / ૨૦૨૧

તા. ૦૧ / ૧૦ / ૨૦૨૧

**પરીક્ષા નિયામક**

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા વિભાગોના વડાશ્રીઓ તરફ જાણ સારૂ...